
## વડીલોને વંદન અભિનંદન



પ્રેમશંકર વસનજી ભટ્ટ
(૧૯૨૭)ફોન: ૨૩૨૬૦૨૪૭

### રવિવારે વીરમાયા સ્મારક સમિતિની કારોબારીની બેઠક

ગાંધીનગરની વીરમાયા સ્મારક સમિતિ ગુજરાત વણકર સમાજ દ્વારા તા. ૨૮મી ડિસેમ્બરે રવિવારે સવારે ૧૧ વાગે અમદાવાદના ગાંધી આશ્રમ ખાતે સફાઈ વિદ્યાલયમાં કારોબારી સમિતિની બેઠક યોજવામાં આવી છે. આ બેઠકમાં દરેક સભ્યોને સમયસર હાજર રહેવા તાકીદ કરાઈ છે.

# ડીસામાં ૨૫ લાખની ખંડણી માંગી, લૂંટ ચલાવી ફાયરીંગ કરનાર બે વિરુદ્ધ ફરિયાદ

ડીસા, તા. ૨૬

વહેપારી મથક ડીસામાં મેડીકલ સ્ટોર્સની દુકાન ચલાવતા એક વહેપારી પર છેલ્લા બે દિવસથી અજાણી ગેંગના સભ્યે ખંડણી પેટે રૂપિયા ૨૫ લાખની માંગ કરી ધમકી આપી હતી.

જોકે ગત રાત્રી ગુરુવારનાં સાંજના સાડા સાતનાં સુમારે તે બાદ વહેપારીની ગેરહાજરીમાં અજાણ્યા સખ્સો મેડીકલ સ્ટોર્સ પહોચ્યા હતા. જેમાંના એક અજાણ્યા શખ્સ દ્વારા હાજર મેડીકલ સ્ટોર્સના કર્મચારીને ધમકાવી દોઢ લાખથી વધુની રકમની લુંટ ચલાવાઈ હતી અને તે બાદ લુટારાએ તેની પાસેની પિસ્તલમાંથી ખાનગી ફાયરીંગ કરતા ચકચાર મચેલ છે.

બનાસકાંઠાના વહેપારી મથક ડીસામાં -થમ ૨૫ લાખની ખંડણી તે બાદ ધાકધમકી અને છેલા ઉપાયે પૈસા ન મળતા ઉસ્કેરાયેલા અપરાધિક -વૃત્તિ ધરાવતા અજાણ્યા સખ્સોએ વહેપારીની મેડીકલ સ્ટોર્સમાં પહોચી લુંટ અને હત્યાની કોશિશ કરી ફાયરીંગ કરી સનસનીખેજ ક્રાઈમ કરેલ હોવાની ધટના ડીસા ઉત્તર પોલીસ દફતરે નોધાઈ છે.

આ ધટનાની મળતી વિગતો જોઈએ તો ડીસામાં હાઈવે રોડ પાસે જલારામ મંદિર નજીક આવેલ ગણેશ મેડીકલ સ્ટોર્સનાં માલિક -કાશ મણીલાલ પટેલ રહે. પટેલ સોસાયટી ડીસાવાળાં વહેપારીને છેલ્લા બે દિવસથી કોઈ અજાણ્યા ઈસમ દ્વારા ધમકી મળતી હતી. આ ઈસમે ધાકધમકીએ વહેપારી -કાશ મણીલાલ પટેલ પાસે ખંડણી પેટે રૂપિયા પચ્ચીસ લાખની માંગ પણ કરી હતી. જોકે વહેપારીએ આ રકમ આપવાની ના કહેતા અજાણ્યા ઈસમ દ્વારા ધમકી આપવામાં આવી હતી. જેમાં સાંજના સમયે -થમ ધમકી ભર્યો ફોન આવ્યો હતો અને બે કલાક બાદ સાંજના સાડા સાત વાગ્યાનાં સુમારે એક અજાણ્યો ઈસમ ગણેશ મેડીકલ સ્ટોર્સનાં માલિક -કાશ મણીલાલ પટેલની દુકાને પહોચ્યો હતો. જોકે નસીબજોગે વહેપારીની જગ્યાએ તેમનો નોકર તોફીક શેખ હાજર હતો, તેને જોઈ અજાણ્યા સખ્સે -થમ ધાક -ધમકી આપી હતી અને તે બાદ દુકાનમાં પડેલ રૂપિયા ૧,૬૪,૫૦૦ ની રોકડ રકમ લુંટી હતી અને તેની પાસે ના ધોકા વડે દુકાનના કાચ તોડ્યા હતા અને છેલ્લે આ લુટારાએ પોતાની પાસેની પિસ્ટલમાંથી નોકર તોફીક શેખ પર ફાયરીંગ કર્યું હતું. જોકે તે નસીબજોગે બચી ગયો હતો. આમ મસમોટું સનસનીખેજ ક્રાઈમ કરી આ લુટારો તેના અન્ય સાગરિત સાથે મોટર સાયકલ પર સવાર થી ભાગી છૂટ્યો હતો.



જે બાદ આ ધટનાની જાણ ડીસા ઉત્તાર પોલીસને થતા પોલીસ ધટનાસ્થળે દોડી આવી હતી અને ધટનાસ્થળે થી ફૂટેલા બે કારતુસ કબજે કર્યા હતા. આ ક્રાઈમ થતા જીલ્લા પોલીસ વડા ડી. બી. વાઘેલા ડીસા દોડી આવ્યા હતા અને ગુનેગારો ને ઝડપવા વાયરલેશ મેસેજથી નાકાબંધી કરાવી હતી. આ જાણ્યા ગુનેગારોને ઝડપવા એલ.સી.બી. પોલીસની ટીમ દોડતી થઈ હતી. આ ગુનેગારોને ઝડપવા એચ. આર. દેસાઈ, ડી.વાય.એસ.પી., ડીસાના માર્ગદર્શન નીચે વિવિધ ટીમો બનાવી આ ગુનેગારો ને ઝડપી પાડવા ધનિષ્ઠ તપાસ હાથ ધરાયેલ છે ત્યારે આ મામલે અજાણ્યા શખ્સો ઉપર પોલીસે આઈ.પી. કલમ ૩૮૪ (બળજબરી પૂર્વક કઢાવી લેવું) કલમ ૩૯૭ ( સશસ્ત્ર ધાડ) તેમજ કલમ ૩૦૭ (હત્યાની કોશીસ) નો ચાર્જ લગાવી એફ.આઈ.આર.નોધી છે અને શકમંદો ની તપાસ હાથ ધરેલ છે

જોકે નવાઈ વચ્ચે મેડીકલ સ્ટોર્સ નાં માલિકે ફોન થી ખંડણી માંગનાર ઈસમ મામલે મીડિયા સમક્ષ પોતાનું નિવેદન આપવાનું ટાળ્યું હતું,જોકે હાલની પોલીસ ની -નથમિક તપાસ માં મુખ્ય શકમંદ ગુનાના સ્થળે કે ગુના સમયે હાજર હોવાના કોઈ ચાર્જ પુરતા પુરાવા મેળવી શકી નથી,જેથી આ કેશમાં ખરેખર આરોપી કોણ હતા ? તે મોટી તપાસ નો વિષય છે,ત્યારે પોલીસે ફરીયાદી ના કથન મુજબનાં શકમંદ ની એ.લી.બી અને તેના મોબાઈલ લોકેશન સહીત ની ડીટેઈલ કઢાવવા અને તે રીતે ગુનાના મૂળ પગેરા સુધી પહોચવા ધનિષ્ઠ તપાસ હાથ ધરેલ છે.

# કડી-નંદાસણ વચ્ચે ફાયરીંગ કરી ૩૫ લાખની લૂંટ

## બાઈક પર આવેલ ૩ બુકાનીધારીઓએ ચાર રાઉન્ડ ફાયરીંગ કરી રોકડ ભરેલ થેલો લઈ ફરાર

મહેસાણા તા.૨૬

મહેસાણા જીલ્લાના કડી-નંદાસણ વચ્ચે એક જીનિંગ મીલના ભાગીદાર પર ત્રણ બુકાનીધારી અજાણ્યા શખ્સોએ ગોળીબાર કરીને તેમની પાસેથી રુપિયા ૩૫ લાખ ભરેલ બેગની સિફત પૂર્વક લૂંટ ચલાવી કયાંક નાસી છૂટયા હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી છે.

અત્રે જાણવા મળતી માહિતી મુજબ મહેસાણા જીલ્લાના કડી અને નંદાસણને જોડતા રોડ પર બાલાજી જીનિંગ મીલ આવેલ છે. આ મિલના ભાગીદાર મેહુલભાઈ ઉર્ફે મોન્ટુ ભાનુભાઈ પટેલ બપોરના સમયે એકટીવા લઈને કડીની કોટક મહિન્દ્રા બેંકમાં નાણાં લેવા માટે ગયા હતા. તેઓ બેંકમાંથી રુપિયા ૩૫ લાખની રોકડ રકમ બેગમાં મુકીને એકટીવા પર પરત મિલમાં જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં બાઈક પર આવેલા ત્રણ બુકાનીધારી સશસ્ત્ર લૂંટારુંઓએ અચાનક તેમને અટકાવી હથિયાર વડે તેમના પર ચાર રાઉન્ડ ફાયરીંગ કર્યુ હતું. બાદ આ ત્રણેય જણા રુપિયા ૩૫ લાખની રોકડ રકમ ભરેલ બેગની લૂંટ ચલાવી કયાંક નાસી ગયા હતા.

લૂંટારુઓએ કરેલ ગોળીબારથી મિલના ભાગીદારને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી જેથી તેમને સૌ પ્રથમ કડી અને ત્યાંથી અમદાવાદ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ધોળા દિવસે કડી-નંદાસણ રોડ પર મિલના ભાગીદાર પર ગોળીબાર કરીને રુપિયા ૩૫ લાખની દિલધડક લૂંટ કરવાના બનાવથી કડી તાલુકા સહિત સમગ્ર મહેસાણા જીલ્લામાં ભારે સનસનાટી મચી ગઈ હતી.

આ બનાવવની જાણ કડી અને મહેસાણા પોલીસ અધિકારીઓ સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને લૂંટની ઘટનાને અંજામ આપી નાસી છૂટેલા શખ્સોની શોધખોળ આદરી હતી.

મહેસાણા જીલ્લામાં છેલ્લા કેટલાયે વખતથી ગુનાખોરી વધતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તદન કથળી ગઈ છે. જેથી લોકો ભય સાથે અસલામતીની લાગણી અનુભવી રહ્યા છે.

# મોદીએ જશોદાબેનની.... અને આનંદીબેને મફતલાલની ઘરવાપસી કરવાની જરુર છે : અર્જુન મોઢવાડીયા

મોડાસા તા.૨૬

અરવલ્લીના શામળાજીમાં યુવા કોંગ્રેસની ત્રિદિવસીય શિબીર યોજાઈ ગઈ જેમાં મોટી સંખ્યામાં યુવા જીલ્લાના ખૂણે ખૂણામાંથી યુવાનો ઉમટી પડયા હતા. શામળાજીની કોલેજમાં યોજાયેલ આ શિબિરમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શાહનવાઝ હુસેન થઈ લઈ અનેક મુસ્લીમ નેતા છે. તેમની પણ ઘરવાપસી કરવાની જરુર છે. તેઓએ ભારતના વડાપ્રધાન કમ અને



કાર્યકરો ઉમટી પડયા હતા. આ પ્રસંગે હાલ વિહીપ દ્વારા ચાલી રહેતા ઘરવાપસી કાર્યક્રમ પર બોલતા કોંગ્રેસ અગ્રણી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે ઘરવાપસી કરવી જ હોય તો વડાપ્રધાને પોતાની પત્નિ તથા મુખ્યમંત્રીએ પોતાના પતિની કરવાની જરુર છે. આમ કહીને નવો જ વિવાદ ઉભો કર્યો છે.

અરવલ્લી જીલ્લાના શામળાજીમાં કોંગ્રેસ દ્વારા ત્રિદિવસીય યુવા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અરવલ્લી અર્જુનભાઈ મોઢવાડીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને કોંગ્રેસના યુવાનોને જરુરી માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત પત્રકારો એ જયારે હાલ વિહીપ પ્રેરિત ઘરવાપસી કાર્યક્રમ વિશે સવાલ પુછતાં તેમણે જણાવ્યું કે જો ખરેખર ઘરવાપસી કરવી હોય તો વડા પ્રધાન નરેન્દ્રમોદીએ તેમની પત્નિ જશોદાબેન તથા મુખ્યમંત્રી આનંદીબેને પોતાના પતિ મફતલાલની કરવી જોઈએ. ગરીબોને લાલચ આપી ઘરવાપસી ન કરવી જોઈએ. ભાજપમાં વિદેશમંત્રી વધુ છે. આમ અર્જુન મોઢવાડીયાએ સીધો જ વડાપ્રધાન તથા મુખ્યમંત્રી પર પ્રહાર કરતાં આ મુદો પર રાજનીતી ગરમાવાની શકયતા છે. અત્રે નોંધવું ઈચ્છનીય છે કે આ સમગ્ર કાર્યક્રમ કલજીભાઈ કટારા સંચાલીત શામળાજી પ્રદેશ કેળવણી મંડળની કોલેજમાં યોજવામાં આવ્યો હતો. ત્યાં જ આ પ્રકારનું નિવેદન આપતા ભારે ખળભળાટ પ્રસર્યો છે. આ પ્રસંગે કોંગ્રેસના વિવિધ નેતા ઉપસ્થિત રહ્યા હતા.



સ્વચ્છ સાબરકાંઠા અભિયાન અંતર્ગત એન એન્ડ કે. પંડયા હાઈસ્કુલ નં. ૨આ સફાઈ કાર્યક્રમ નાગરીકે પોતાની અંગત જવાબદારી સમજી પોતાના ઘર શેરી, ફળીયું અને મહોલ્લો સ્વચ્છ રાખવો જોઈએ. અને સપ્તાહના બે કલાક સફાઈ માટે ફાળવવા અપીલ કરી હતી. વધુમાં તેમણે વિગતો શાળાના આચાર્ય બી. આર. ભટ્ટ તેમજ શિક્ષકો આપી હતી. અને લોકો સ્વચ્છતાના અભિયાનમાં જોડાઈ સ્વચ્છતાના આગ્રહી બન્યા છે અને જેમાં હજુ મોટી સંખ્યામાં જોડાઈ આ વિશ્વ વિક્રમને તોડી નવિન મિશાલ કાયમાં મ કરશે.

## ઉંઝા તાલુકામાં પોલીસની નિષ્ક્રિયતાને લીધે ગુનાઓનો ગ્રાફ વધ્યો

ઉંઝા તા.૨૬

વેપારી ક્ષેત્રે મહત્વનું સ્થાન ધરાવતા અને યાત્રાધામ ઉંઝા શહેર સહિત તાલુકાના કેટલાક ગામોમાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધી જતા. તેમજ અસામાજીક બદીઓની વણઝારને લીધે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે જવાથી લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી જન્મી છે.

ઉંઝા શહેર યાત્રાધામ ઉનાવા અને તાલુકાના કેટલાક ગામોમાં છેલ્લા ઘણા વખતથી ગુનાઓનું પ્રમાણ વધી ગયું છે. આ સાથે સમાજ વિરોધી પ્રવૃત્તિઓનો પણ વ્યાપ વધી ગયો છે. ઉંઝા પોલીસ સ્ટેશનની હદમાં મિલ્કત વિરુધ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓ તેમજ દેશી વિદેશી દારુ વટલી મટકા, પત્તા પાનાના જુગારના સટ્ટાઓ, ક્રિકેટ મેચ આધારિત સટ્ટા અનૈતિક પ્રવૃત્તિઓ વધી જવા પામી છે. સ્થાનિક પોલીસ મથકમાં નોંધાયેલ અનેક ગંભીર પ્રકારના ગુનાઓના ભેદ આજ દિન સુધી વણ ઉકેલાયેલા રહ્યા છે. જેથી પ્રજાજનોમાં રોષ જોવા મળ્યો છે અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબુત બને તેવી માંગ રહીશો કરી રહ્યા છે.

## શબ્દાવલી - ૫૫૯૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | | | | |
| ૯ | | | | ■ | ૧૦ | | |
| ૧૧ | | ■ | ૧૨ | | ■ | | ■ |
| ■ | ■ | ૧૩ | | ■ | ૧૪ | | ૧૫ |
| ૧૬ | ૧૭ | | | ■ | | ■ | |
| ૧૮ | | | ■ | ૧૯ | | ૨૦ | |
| ૨૧ | | | ■ | ૨૨ | | | |

### આડી ચાવી

૧. અર્થ, સાર (૪)
૪. દયા (૩)
૭. ગાગર-હાંડો (૨)
૮. લલ્લુ-પંજુ (૫)
૯. જૈનોને જપવાનો એક મંત્ર(૪)
૧૦. જરાક (નું હિન્દી) (૩)
૧૧. કિનારો, આરો (૨)
૧૨. આમળો, આંટી (૨)
૧૩. ચુની (૨)
૧૪. ખુન, ... કરવી, મારી નાખવું તે (૩)
૧૬. માસિક પગાર કે વેતન(૪)
૧૮. પહોળુ (૩)
૧૯. ... કયું તુમ્હે ચાહે... (ગીત) (૪)
૨૧. કેડ, કટી (૩)
૨૨. 'ઇજાજત' શબ્દ આડોઅવળો (૪)

### ઊભી ચાવી

૧. શ્રમ (૪)
૨. તલ અને ગોળને વાટે તે(૪)
૩. ડાકુ (૬)
૪. ખેલ (૩)
૫. જંગલીયત (૫)
૬. રાજા, બાદશાહ (૩)
૧૩. વિષયેચ્છાથી આતુર (૪)
૧૪. કરકસર (૪)
૧૫. ધિક્કારનો ઉર્દૂ પણ પ્રચલિત શબ્દ (૪)
૧૬. ચમક..., દમકાર (૩)
૧૭. બે... નો સરવાળો કરો(૩)
૧૯. ટેબલ (૨)
૨૦. મોજ...., આનંદ (૨)

### શબ્દાવલી ૫૫૯૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) પરોપકાર (૫) સવા (૭) કરવત (૮) તાજ (૧૦) જઠણ (૧૨) ઉકરડો (૧૫) પથરાળ (૧૭) મહાવરો (૧૮) ઈનામ (૨૦) નટરાજ (૨૩) નવતર (૨૪) તમા

**ઊભી ચાવી :-** (૧) પરગજુ (૨) પકતાણ (૩) કારજ (૪) રવ (૬) વાટ (૯) ફરસા (૧૧) ઠગ (૧૨) ઉપવન (૧૩) કથરોટ (૧૪) ડોળ (૧૬) સાઇન (૧૭) મમત (૧૯) નાવ (૨૧) રાત (૨૨) જમા



શામળાજી અને મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં અરવલ્લી જિલ્લા ૧૦૮ ઈમરજન્સી સેવાના સ્ટાફ દ્વારા નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૧૦૮ ના સભ્યો દ્વારા શાંતાકલોજ બની બાળકોને ગીફટનું વિતરણ કરવામાં આવ્યું હતું. (તસ્વીર- જય અમીન)

## અમદાવાદમાં આજથી ૨૦૧૪થી એઆઈએચ કોનનો આરંભ થશે

અમદાવાદ તા.૨૬

હોમિયોપેથીક મેડીકલ એસોસિએશનની ૧૯ મી ઓલ ઈન્ડિયા હોમિયોપેથીક કોંગ્રેસ એઆઈએચ કોન-૨૦૧૪ ગુજરાતમાં ૩૯ વર્ષ પછી આવી રહી છે. ગુજરાત રાજય શાખાનાં અમદાવાદ એકમ દ્વારા તા.૨૭ અને ૨૮ ડિસેમ્બર, ૨૦૧૪નાં રોજ આ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે.

એઆઈએચ કોન-૨૦૧૪નાં ઓર્ગેનાઈઝીંગ ચેરમેન ડો.ભાસ્કર ભટ્ટ અને ટ્રેઝરર ડો.ધીમંત યાજ્ઞિકે આ કોન્ફરન્સ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ૨૨૦ વર્ષ પહેલા હોમિયોપેથી જેવા વિજ્ઞાનની શોઈ ગઈ હતી. અન્ય તબીબી વિજ્ઞાનો કરતા હોમિયોપેથીનો વ્યકિતગત અને સમગ્રતયા અભિગમ તદન નિરાળો છે. હોમિયોપેથીની શૂન્ય આડ અસર અને પોષય તેવા ભાવોમાં પ્રાપ્યતાને કારણે આ તબીબી ઉપચાર જનસમૂહ માટે અસરકારક સાબિત થયો છે. હોમિયોપેથીની ગુણકારકતા સમય સમય પર અસરકારક પૂરવાર થઈ છે.

હોમિયોપેથીની શોધ જર્મનીમાં થઈ હતી. તેનો વ્યાપ ભારતમાં ઝડપથી વધી રહ્યો છે. આજે ભારત એવો દેશ બન્યો છે કે જયાં હોમિયોપેથી ગુણાત્મક અને જથ્થાત્મક રીતે વધીને સમૃદ્ધ થઈ રહી છે. હોમિયોપેથીને આજના અને ભવિષ્યના વિજ્ઞાન તરીકે માનવામાં આવે છે.

ઉપચારનાં મુખ્ય વિજ્ઞાન તરીકે આગળ જવા માટે કોંગ્રેસ દ્વારા કેટલાક વધારે પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. આ કોંગ્રેસમાં હોમિયોપેથીનાં ક્ષેત્રમાં થઈ રહેલા વિવિધ સંશોધનો અંગે ચર્ચા કરવામાં આવશે. વિવિધ સ્તરે હોમિયોપેથીને પ્રોત્સાહન આપવા એસોસિએશનનાં સભ્યો દ્વારા વિવિધ ઠરાવો પસાર કરવામાં આવશે.

## ચંડીસર પાસે દારુના જથ્થા સાથે એકની અટકાયત

પાલનપુર તાલુકાના ચંડીસર ગામમાં બસ સ્ટેન્ડ નજીક વિદેશી દારુનો વેપાર કરતા ઈસમને એલ.સી.બી તથા એસ.ઓ.જી એ ૮૪ નંગ બોટલો સાથે ઝડપી પાડયો હતો. પાલનપુર તાલુકાના ચંડીસરમાં બસ સ્ટેન્ડ પાસે એક ઈસમ દેશી દારુનું વેચાણ કરે છે તેવી બાતમી મળતા એલ.સી.બી તથા એસ.ઓ.જીના સ્ટાફના એએસઆઈ રણજીતસિંહ, પ્રકાશભાઈ, નરેન્દ્રસિંહ, મહેન્દ્રસિંહ, વિજયભાઈ, રઘુભાઈ તથા નરપતસિંહે આજે સાંજના સુમારે ચંડીસર બસ સ્ટેન્ડ પાસે પોપટજી મફાજી છાપીયા એક થેલામાં વિદેશી દારુ રાખી વેચાણ કરતો હતો તેને ઝડપી પાડયો હતો. જે થેલામાંથી ૮૪ નંગ વિદેશી દારુની જુદી જુદી કંપનીની બોટલો કિંમત રુ.૧૦,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી પોપટજી છાપીયાની અટકાયાત કરી હતી. જયાં તેને આ દારુ વિજયભાઈ છાપીયાનો હોવાની કબુલાત કરી હતી.

## જ્ઞાનસજ્ઞ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચોવીસમાં શ્લોકમાં શંકરાચાર્યજીએ દરેક માનવમાં અચુક પણે જોવા મળતા ક્રોધની નિરર્થકતાનું નિરૂપણ કર્યું. બધા ક્રોધને વશ થઈ જાય છે અને આ સાધના માટનો મોટો પ્રતિબંધ છે. આથી ક્રોધમાંથી મુકત થાવ અને સહનશીલ બનો. જીવનમાં દરેક પરિસ્થિતિમાં પોતાની ગરીમા જાળવી રાખો. જયાં ક્રોધની જરૂર હોય ત્યાં ક્રોધનો અભિનય કરવો તેના પર નિયંત્રણ રાખવો. બીજી જ ક્ષણે સહજ થઈ જવું. ક્રોધ સુખના પ્રવાહને રોકી લે છે.

આઠમાં દિવસના પ્રારંભે પૂજય ગુરૂમાએ કહ્યું કે, જીવન નાની નાની ઘટનાઓથી વણાયેલું છે. આ બાબતોને સંભાળી લે તેનું જીવન સરળ બની જાય છે. મનુષ્યના જીવનમાં સંબંધો અવિભાજય અંગ છે પરંતુ જેટલા આવશ્યક હોય તેટલા જ સંબંધો રાખવા જોઈએ નહી તો સમય તેમાં જ પસાર થઈ જશે.વળી સાચા સંબંધો એ છે કે જેને સંભાળવા ન પડે. સાથે સાથે સંબંધનો બોજો લાગવો ન જોઈએ.

આત્મજ્ઞાન માટેની યોગ્યતા કેળવવા મનની શુધ્ધિ અનિવાર્ય છે અને તે માટે મારે મારા કામ, ક્રોધ, લોભ અને મોહને છોડવા જ રહ્યા. તેનાથી મન શુધ્ધ થશે. ત્યારબાદ મનની સ્થિરતા માટે જે અધુરું હોય તેને પુરું કરવા સત્સંગનો સહારો લેવો. તેનાથી મન સાપેક્ષ રીતે સ્થિર થશે અને વાસનાઓના ઉભરા આવતા બંધ થશે. લોભ એ તળીયા વિનાનો થેલો છે. જેમાં તેટલું નાખો તેટલું ઓછું પડે છે. આથી જ મારે સંયમનો સાથ લઈને બહિર્મુખતા છોડીને સંયમિત જીવન જીવવાનું છે. જેનાથી પછી જીવન રથને પશુતામાંથી માનવતા, માનવતામાંથી દિવ્યતા અને દિવ્યતામાંથી ધ્યતાના માર્ગે લઈ જઈ શકાય.

આમ, ભજગોવિન્દમ ગ્રંથમાં દર્શાવેલ સમગ્ર બોધને ચિત્તમાં ધરીને જીવનના નવા રાહની શરૂઆત ભગવદ્ ગીતાના સત્સંગથી કરવાની છે. આ ઉપરાંત દરરોજ નિયમ પુર્વક ગીતાજીના પાઠ કરવા ખુબ જરુરી છે. નિયમથી શિસ્ત આવશે. સાથે સાથે ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરવાનું છે. જેનાથી પ્રભુ સાથેનો નાતો બંધાશે. જીવનમાં અષ્ટાગયોગને સ્થાન આપીને મારા સમગ્ર વ્યકિતત્વને સુગ્રથીત કરવાનું છે અને જયારે મન સાપેક્ષ રીતે શાંત થાય ત્યારે વેદાંત અધ્યયન દ્વારા નિત્ય અનિત્યનો વિવેક કરીને મનનો અમનીભાવ પ્રાપ્ત કરવાનો છે. જીવનમાં સતત સાવધાની રાખવાની છે અને સાવધાની એ જ સાધના છે. આ રીતે જીવન પથમાં આગળ વધી પરમ લક્ષ્ય મોક્ષ પ્રાપ્ત કરવો સરળ બની રહેશે.

## ટોક-ટાઈમની સુવિધા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટેકનોલોજી હાલના સ્પર્ધાત્મક યુગમાં સસ્તી થઈ છે અને તે સરકારી કામગીરીનું અભિન્ન અંગ પણ બન્યો છે. સચિવાલય અને જિલ્લા કક્ષાના અધિકારીઓની કાર્યક્ષમતા વધે રોજબરોજની કામગીરી સરળતાથી કરી શકે તે માટે ગૃહ વિભાગની અવિધિસર નોંધ અંતર્ગત રાજયના નાયબ પોલીસ અધિક્ષકો અને મદદનીશ પોલીસ કમિશનરોને મોબાઈલ ફોનની સુવિધા પુરી પાડવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે.

સરકારના આ નિર્ણય અંતર્ગત રાજયના તમામ નાયબ પોલીસ અધિક્ષક મદદનીશ પોલીસ કમિશનરોને મોબાઈલ હેન્ડસેટ મંજૂર નહિ કરવાની શરતે માસિક રૂ. ૫૦૦ (ત્રિમાસિક રૂ. ૧૫૦૦)ની એર ટોક ટાઈમ મર્યાદામાં મોબાઈલ ફોનની સુવિધા મંજૂર કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

## રાજકીય ગરમાવો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી તરફ કોંગ્રેસ પક્ષમાં સભ્ય નોંધણી ઝુંબેશ પણ ધીમી ગતિએ ચાલી રહી છે. કોંગ્રેસના નેતાઓ માને છે કે ગાંધીનગર શહેરમાં સરકારી કર્મચારીઓની મોટી સંખ્યા હોવાથી અહિં સભ્ય નોંધણી ઝુંબેશ મર્યાદિત બને પણ જે સભ્યો ૪૫૦૦ નોંધાયા છે તે મજબુત વિચારધારાના સંકેત આપે છે.

કોંગ્રેસના આગેવાનો કહે છે કે અમારા સભ્યો ઓછા નથી નોંધાયા ગત વર્ષની તુલનામાં આ સંખ્યામાં વધારો થયો છે અને સાત હજાર જેટલા સભ્યો નોંધવાનું અત્યારે લક્ષ્યાંક છે. ભાજપ અને કોંગ્રેસની સભ્ય નોંધણી ઝુંબેશ રાજકીય ગલિયારીઓમાં ચર્ચાનો મુદ્દો છે. ભાજપ દ્વારા નવા સંગઠ્ઠન પર્વનો પ્રારંભ ફેબ્રુઆરી માસમાં થશે.

બંને પક્ષો દ્વારા યુવા કાર્યકરોની વધુ નોંધણી થયાનો દાવો કરાયો છે. જો કે મહિલા સભ્યોની નોંધણીમાં ભાજપ આગળ રહ્યાનું જાણવા મળેલ છે. જો કે ગાંધીનગર શહેરમાં બંને પક્ષોની સભ્યોની નોંધણી એ રાજકીય ગરમાવો ઉભો કર્યો છે.

## ચેમ્બરોનું લેવલીંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિવિધ માર્ગો પર સ્થિત આ ચેમ્બરોને સમથળ કરવા ટીમ કામે લાગી છે. માર્ગ સુધારણાને અનુલક્ષી હાથ ધરાયેલ પેવરકામના લીધે આ ચેમ્બરો રોડની સપાટીથી નીચે ઉતરી ગઈ હોવાનું ધ્યાને આવ્યું હતું. જેના લીધે વિવિધ માર્ગો પર આ ચેમ્બરોને ડામરની સપાટી સાથે સમથળ કરવાનું કામ પણ હાથ ધરવામાં આવ્યું છે.

**જાહેર નિવિદા નં. ૩ ૨૦૧૪-૧૫**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન પેટા વિભાગ, મોડાસા, ટેલીફોન નં. (૦૨૭૭૪) ૨૪૬૨૪૫ દ્વારા આ કચેરીના સ્થાનિક સિંચાઈ વિભાગ તથા મા. અને મ. વિભાગના કોન્ટ્રાકટરોની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ કોન્ટ્રાકટરો પાસેથી બોર તથા સમ્પ અને વૉટર સપ્લાયની કામગીરીને લગતા ભાવો મેળવવા માટે મા.મ. પેટા વિભાગ-મોડાસાની કચેરીએથી કોરા ભાવપત્રકો દસ્તાવેજી પુરાવા સાથે તા. ૧૨/૧/૨૦૧૫ સુધીમાં આપવામાં આવશે. જે ભરાયેલ ભાવ પત્રકો તા. ૨૨/૧/૨૦૧૫ ના રોજ રજી.પો.એ.ડી.થી અત્રે પરત કરવાના રહેશે.

ભાવો મંજુર કરવા કે રદ કરવાના હક્કે અબાધિત રાખવામાં આવે છે.

આ કામોની વિગતવારનોટીસ કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. તેમજ માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com ઉપર પણ જોઈ શકાશે. આ નોટીસ અંગે વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજાના દિવસ સિવાયના દિવસોમાં સંપર્ક સાધવા વિનંતી છે.

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૩૫૧/૨૦૧૪